વિજાપુરના વસઈ ગામે મુખ્યમંત્રીએ ૫૦ બાળકોનું નામાંકન કરાવ્યું

ગાંધીનગર, તા. ૧૦

મુખ્યમંત્રીશ્રી શ્રીમતી આનંદીબહેન પટેલ દૃઢતાપૂર્વક જણાવ્યું કે, એકવીસમી સદીના જ્ઞાનયુગમાં બાળમાનસને આધુનિક શિક્ષણથી સજ્જ કરવાનો સફળ પ્રયોગ ગુજરાતે શાળા પ્રવેશોત્સવથી કર્યો છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, શાળા સંકુલોમાં કોમ્પ્યુટર, સ્માર્ટ ક્લાસ, શિક્ષકો જેવી માળખાકીય સુવિધા આ સરકારે પુરી પાડી છે, હવે ક્વોલિટી એજ્યુકેશન-ગુણવત્તાયુક્ત શિક્ષણથી ગુજરાત દેશનું માર્ગદર્શક બને તે તરફ ધ્યાન કેન્દ્રીત કર્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ કન્યા કેળવણી-શાળા પ્રવેશોત્સવના તૃતિય દિને મહેસાણા જિલ્લાના વસાઈ પ્રાથમિક શાળામાં ૫૦ ઉપરાંત ભૂલકાંઓએનું આંગણવાડી તથા ધોરણ-૧માં નામાંકન કરાવ્યું હતું.

તેમણે ગુણવત્તાયુક્ત શિક્ષણ સાથે જ બાળક ગુણવાન-ગુણશીલ બને તે માટે વડિલો-ગુરૂજનોનું સન્માન, સત્ય આચરણ, સ્વચ્છતા-સ્વસ્થતા જેવી સંસ્કાર સિંચન પરંપરા વધુ ઉજાગર કરવાની પણ શિક્ષક ગણ અને સમાજ સમસ્તને અપીલ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ ઉમર્યું કે દેશ-રાજ્યની ઉજ્જવળ આવતીકાલ સમા બાળકોમાં શિક્ષણ અને સંસ્કાર સિંચનની જે જિમ્મેદારી આપણા સૌ ઉપર છે તેને કર્તવ્ય ભાવે અદા કરીને આવનારી પેઢી માટે મેપ તૈયાર કરવાનો આ મહાયજ્ઞ છે.

શ્રીમતી આનંદીબહેને સમાજ સહયોગથી આ સેવાયજ્ઞ ગુજરાતમાં સતત ૧૪ વર્ષથી સફળતાને વર્યો છે તેની ભૂમિકા આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, તંદુરસ્ત-સ્વસ્થ તથા બદીમુક્ત સમાજ રચના માટે શિક્ષણ એ પાયાની જરૂરિયાત છે તે વાત હવે સૌએ સ્વીકારીને આ પ્રવેશોત્સવ અભિયાનને લોકજુંબેશ તરીકે ઉપાડી લીધી છે.

ગામના વયોવૃદ્ધ શિક્ષિત વ્યક્તિ શ્રીમતી મંગળાબેન જાની, સૌથી વધુ ભણેલા ડૉ. અલ્પાબેન પટેલ, યુપીએસસીની પરીક્ષા પાસ કરનાર કોમલબેન અને યોગ ચેમ્પીયન પુજા પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી બન્યા ભૂલકાંઓના ક્લાસ ટિચર

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે શિક્ષક આજીવન શિક્ષક જ હોય છે તે ઉક્તિને શાળા પ્રવેશોત્સવ દરમિયાન વસઈ પ્રાથમિક શાળામાં ક્લાસ ટિચર બનીને સાકાર કરી હતી.

શ્રીમતી આનંદીબહેન શિક્ષિકા, આચાર્ય તરીકેનો જે દીર્ઘકાલિન અનુભવ અને વિદ્યાર્થી માનસને પારખવાની જે સહજ ક્ષમતા ધરાવે છે તેનો પરિચય આજે તેમણે ધોરણ-૨ના બાળકો પાસે ૩૧ થી ૪૦ના આંક લખાવીને-તપાસીને આપ્યો હતો.

મુખ્યમંત્રીશ્રી શાળામાં બાળકોનું નામાંકન કરાવીને સીધા જ વર્ગખંડોમાં પહોંચી ગયા હતા અને બાળકોને ટપાલી, ઓરડો, છાબડી, મગન જેવા જોડાક્ષરો લખાવીને તેમનું ભાષા-જોડણી જ્ઞાન તેમણે ચકાસ્યુ હતુ. શ્રીમતી આનંદીબહેને ક્લાસના એક પછી એક બધા જ બાળકોની નોટબુક જાતે તપાસી હતી અને ભૂલો પણ સુધારી બાળકોને બારાક્ષરીની સમજ સરળ સહજ ભાવે આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ શાળાની લાયબ્રેરી માટે પુસ્તકો ભેટમાં આપ્યા હતા. વિવિધ દાતાઓ દ્વારા કન્યા કેળવણી નિધિમાં ચેક મુખ્યમંત્રીશ્રીને અર્પણ કરવામાં આવ્યા હતા. રૂ. ૪૦ લાખના ખર્ચથી નિર્માણ પામેલ વસાઈથી ચામુંડાનગર સુધીના રસ્તાની તક્તીનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમો અને યોગ નિદર્શન રજુ કર્યા હતા.

શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય પંચાયત સેવા પસંદગી મંડળના સભ્ય નીતિનભાઈ પટેલ, પૂર્વ સાંસદશ્રી નટુજી ઠાકોર, પૂર્વ ધારાસભ્ય કાંતિભાઈ પટેલ, માર્કેટયાર્ડના ચેરમેન રમણભાઈ પટેલ, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન રેખાબેન ચૌધરી, તાલુકા પંચાયતના પ્રમુખ વિજયભાઈ પટેલ, સરપંચ નિકુલસિંહ ચાવડા, ઈ.ચા. કલેક્ટર એસ.કે. લાંગા, નિવાસી અધિક કલેક્ટર રમેશ મેરજા સહિત અધિકારીઓ, અગ્રણીઓ, વિદ્યાર્થીઓ અને વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

કોઈ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે મુખ્ય હેતુ છે : ભાદુ

અંતરિયાળ વિસ્તારોમાં ગુણવત્તાવાળું શિક્ષણ બધાને મળે તેવા સરકારના પ્રયાસો ચાલે છે : ૨૩ બાળાને સાયકલ

અમદાવાદ, તા.૧૦

આજની સદી જ્ઞાનની સદી છે ત્યારે આજની પેઢીનું કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકારે જનઅભિયાન આરંભ્યું છે. તેમજ રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં ગુણવત્તાવાળુ શિક્ષણ મળે તેવો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. તેમ મુખ્યમંત્રીના સચિવ તેમજ માહિતી અને પ્રસારણ વિભાગના સચિવ અજય ભાદુએ જણાવ્યું છે. શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી અને ગુણોત્સવના રાજ્ય વ્યાપી, અભિયાનનાં ભાગરૂપે સચિવ ભાદુએ અમદાવાદ જિલ્લાના ધોલેરા, તાલુકાના અંતરિયાળ એવા હેબતપુર ગામે ૨૪ બાળકોનું નામાંકન કરાવી શાળા પ્રવેશોત્સવ કરાવ્યો હતો. સાથોસાથ બાળકોને શૌક્ષણિક કીટ તેમજ દાતાઓ દ્વારા આંગણવાડીના બાળકો માટે આપવામાં આવેલ રમકડાનું વિતરણ કર્યું હતું. આ સાથે ૨૩ જેટલી કન્યાઓને સાયકલ અર્પણ કરી હતી. ભાદુએ વધુમાં જણાવ્યું કે વ્યક્તિગત પરિવાર, સમાજ કે રાષ્ટ્રના વિકાસ માટે શિક્ષણ ખુબ અનિવાર્ય છે. ત્યારે આવનાર પેઢીના શિક્ષણની ચિંતા શિક્ષકોની વિશેષ છે. સાથોસાથ વાલીઓ પણ પોતાની જવાબદારી નિભાવી પોતાના સંતાનોને શિક્ષણમાં રૂચિ કેળવાય તેવું પ્રોત્સાહન પુરુ પાડે તે ખુબ જરૂરી છે.

ભાદુએ જણાવ્યું કે, શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીના અભિયાનથી ડ્રોપઆઉટ રેશિયોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જ્યારે ૧૦૦ ટકા નામાંકન સુધી પહોંચી શકાયું છે. આ માટે રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ સતત ત્રણ દિવસ રાજ્યભરની શાળાઓમાં જઈ પ્રોત્સાહન પુરુ પાડી રહ્યા છે. સાથોસાથ શિક્ષણની ગુણવત્તાની ચકાસણી કરી રહ્યાં છે. આ પ્રસંગે સચિવ ભાદુએ દરેક બાળક નિયમિત શાળાએ જાય તેમજ તેની શિક્ષણ માટેની અભિરૂચીની ચકાસણી કરે તે માટે ઉપસ્થિત વાલીઓ અને ગ્રામજનોને ખાસ અપીલ કરી હતી અને જણાવ્યું હતું જે સમાજે શિક્ષણને મહત્વ આપ્યું છે. તેઓ ખુબ આગળ વધ્યા છે. ત્યારે પોતાનું બાળક ઓછામાં ઓછું બારમુ ધોરણ પાસ કરે તે માટે વ્યક્તિગત ધ્યાન આપવા જણાવ્યું હતું. ભાદુએ પ્રાથમિક શાળાના બીજા ધોરણમાં અભ્યાસ કરતા બાળકો પાસે જઈ અંકગણિ સહિત વાંચન લેખનની જાત માહિતી મેળવી હતી.

ભાવ આસમાને

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કેરળમાંથઈ ગઈ છે. મોનસુનમાં હવે જો વધુ વિલંબ તશે તો સામાન્ય અને ગરીબ વર્ગના લોકોને વધારે ભાવ વધારાનો સામનો કરવો પડી શકે છે. રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ હાલમાં તેમની છેલ્લી પોલીસીમાં વ્યાજદર યથાવત રાખ્યા હતા. રિટેલ કિંમતો પર આધારિત ફુગાવો માર્ચમાં ૪.૮૩ ટકા હતો જે વધીને એપ્રિલમાં ૫.૩૯ ટકા થઈ ગયો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ હાલમાંજ પોલિસી સમીક્ષા જારી કરી હતી જેમાં શ્રેણીબદ્ધ પગલા લેવામાં આવ્યા હતા પરંતુ વ્યાજદરો ફુગાવાની સ્થિતિને ધ્યાનમાં લઈને યથાવત રાખવામાં આવ્યા હતા. એપ્રિલ મહિનામાં ફુગાવો ફરી એકવાર વધી ગયો હતો. ખાદ્યાન્ન અને કોમોડિટીની વસ્તુઓના ભાવમાં ઉલ્લેખનીય વધારો થયો હતો. હોલસેલ પ્રાઈઝ ઉપર આધારિત ફુગાવો એપ્રિલ મહિનામાં ૦.૩૪ ટકા વધ્યો હતો જ્યારે માર્ચ મહિનામાં ૦.૮૫ ટકા ઘટ્યો હતો. રિટેલ કિંમતો ઉપર આધારિત ફુગાવો એપ્રિલ મહિનામાં ૫.૩૯ ટકા રહ્યો છે જે માર્ચ મહિનામાં ૪.૮૩ ટકા હતો. જાણકાર લોકોનું કહેવું છે કે, ભારતના મોટાભાગની ખાદ્યાન્ન ચીજવસ્તુઓની કિંમત હાલમાં વધી છે.

ઉડતા પંજાબ...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ખોટો સંદેશ મોકલશે. કારણ કે, આ ફિલ્મમાં ઘણી બધી અશ્લિલ ભાષા અને ડબલ અર્થવાળા શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પંજાબી પાત્રોને ખોટીરીતે રજૂ કરાયા છે. પંજાબી પાત્રોને વાંધાજનક સ્થિતિમાં દર્શાવવામાં આવ્યા છે. આના જવાબમાં હાઈકોર્ટના જજે કહ્યું હતું કે, ચાહકો ખુબ જ પરિપક્વ છે તેમને નિર્ણય કરવાની તક આપવી જોઈએ. કયા શબ્દો સાચા છે અને કયા શબ્દો ખોટા છે તે અંગે નિર્ણય કરવાનું કામ લોકો ઉપર પણ છોડવું જોઈએ. આજના ચાહકો સ્માર્ટ અને ઈન્ટેલીજન્સ બની ચુક્યા છે. તેઓ સાચી અને ખરાબ બાબત જાણે છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રી કોઈ ગ્લાસ નથી જેને સાવચેતીથી જોવામાં વિવાદ થવો જોઈએ. સીબીએફસીના વકીલોએ દલીલો કરી હતી કે, ફિલ્મના પ્રથમ સીનમાં પંજાબના સાઈનબોર્ડ દર્શાવવામાં આવ્યા છે અને ડ્રગ્સના પેકેટ પાકિસ્તાન તરફથી ફેંકતા દર્શાવવામાં આવ્યા છે. ફિલ્મ દર્શાવે છે કે પંજાબ ડ્રગ્સ સ્મગલિંગનું કેન્દ્ર છે. કાતર સીન મુજબ ફેરાવવામાં આવી છે. અને નિયમોને ધ્યાનમાં લેવાયા છે.

સરકારી બ્લોક...

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

રહેવા મળશે. બીજીતરફ અન્ય સેકટરમાં પણ નિકાલ હેઠળના મકાનોની જગ્યાએ ખાલી જગ્યામાં નવા આવાસો બાંધવા માટે અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. તંત્ર દ્વારા અન્ય નવા સરકારી બ્લોક બાંધવા માટે સ્થળ પસંદગી માટે કવાયત હાથ ધરવામાં આવી છે. જો કે સે-૩૦ માં નવા બ્લોક બાંધવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. આ માટે તંત્ર દ્વારા અંદાજ તૈયાર કરી વિભાગને સુપ્રત કરી દેવાશે. જયારે વિભાગ તેમજ મંત્રી કક્ષાએ બેઠક યોજાયા બાદ જ નવી જગ્યાની પસંદગીને આખરી મોહર લગાવાશે.

રગદોળાયુ...

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

મુલાકાત લીધી છે. આ વખતે શાળા પ્રવેશોત્સવ અંગે તંત્રએ ૧૦૦ ટકા નામાંકનના રાખેલા લક્ષ્યાંકનું સ્વપ્ન રોળાતાં થોડીક નિરાશાની લાગણી જોવા મળી હતી. ગાંધીનગર જિલ્લામાં ગુણવત્તા સુધારણા પર આગામી દિવસોમાં વધુ ધ્યાન કેન્દ્રીત કરી પુનઃ સરકારી સંસ્થાઓમાં બાળકો અભ્યાસ માટે જોડાય તે માટે કમર કસવાનો પણ તંત્રએ મન બનાવી લીધુ છે. જો કે ગુણોત્સવનું પરિણામ નબળુ દેખાતાં તંત્ર માટે ઉપચારાત્મક શિક્ષણ પર વધુ ભાર મુકવાનો પડકાર પણ ઉભો થયો છે.

જાહેર નિવિદા નં.૦૯ સને ૨૦૧૬-૨૦૧૭

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૧, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬, દ્વારા વિજળીકરણને લગતા ૩ (ત્રણ) કામ જેની અંદાજીત કિંમત રૂ. ૪૯,૬૯૨.૦૦ થી ૯૯,૫૦૫.૦૦ છે. આ કામ માટે યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા વિદ્યુત કામના ઠેકેદારશ્રી પાસેથી ટેન્ડરો માંગવામાં આવેલ છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૧૭/૬/૨૦૧૬ બપોરે ૨.૦૦ વાગ્યા સુધી છે. ટેન્ડર પરત મેળવવાની તા. ૨૪/૬/૨૦૧૬ છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૬૪૬/૨૦૧૬-૧૭

सत्यमेव जयते
ગુજરાત સરકાર

મરીન કેબલ દ્વારા શીયાળબેટનું વીજળીકરણ

લોકાર્પણ સમારોહ

શ્રીમતી આનંદીબેન પટેલ

માનનીય મુખ્યમંત્રી, ગુજરાત રાજ્યના વરદ્ હસ્તે

તારીખઃ ૧૧ જૂન, ૨૦૧૬, શનિવાર ✧ સમયઃ સવારે ૯-૩૦ કલાકે
સ્થળઃ ગામ શીયાળબેટ, તા. જાફરાબાદ

કાર્યક્રમના મુખ્ય મહેમાન

શ્રી સૌરભભાઈ પટેલ
માનનીય મંત્રી
નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, ખાણ અને ખનીજ

શ્રી જયંતિભાઈ કવાડીયા
પ્રભારી મંત્રી તથા માનનીય રાજ્ય કક્ષાના મંત્રી
પંચાયત, હાઉસીંગ અને રૂરલ ડેવલપમેન્ટ

શ્રી ગોવિંદભાઈ પટેલ
માનનીય રાજ્ય કક્ષાના મંત્રી
ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, વિજ્ઞાન ટેક્નોલોજી

અતિથિ વિશેષ

શ્રી નારણભાઈ કાછડીયા
માનનીય સાંસદ, અમરેલી

શ્રી હિરાભાઈ સોલંકી
માનનીય ધારાસભ્ય, રાજુલા

નિમંત્રક

એચ.આર.સુથાર
આઈ.એ.એસ.
એમ.ડી., પીજીવીસીએલ, રાજકોટ

દિલીપકુમાર રાણા
આઈ.એ.એસ.
કલેકટર, અમરેલી

પડકારરૂપ પરિસ્થિતિ, મક્કમ નિર્ણયશક્તિ

શીયાળબેટને મળી ઉજ્જવળ ભવિષ્યની ભેટ

ગુજરાત રાજ્યના અમરેલી જિલ્લા હેઠળ જાફરાબાદ તાલુકાના દરિયાકાંઠેથી ૬ કીમીના અંતરે આવેલો શિયાળબેટ નામક ટાપુ. આઝાદીના વર્ષો વિત્યા પછી પણ આ ટાપુના પ્રજાજનો ગ્રીડ કનેકટેડ વીજપૂરવઠાથી વંચિત રહયા હતાં. દરિયાઇ વિસ્તારમાં હોવાને કારણે તેનુ વીજળીકરણ કોઇપણ રીતે શક્ય બન્યું ન હતું અને ગ્રીડ પાવર સાથેનું જોડાણ યાંત્રિક કારણોસર શક્ય બન્યું ન હતું. માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આંનદીબેન પટેલની આગેવાની હેઠળ મરીન કેબલની નવીનતમ ટેકનોલોજી દ્વારા આ ટાપુનું વીજળીકરણ કરવાનો અંત્યત પડકારરૂપ પ્રોજેકટ સફળતા પૂવર્ક પાર પાડવામાં આવ્યો. આજથી આ ટાપુના પ્રજાજનોને ૨૪ X ૭ વીજળીની અમુલ્ય ભેટ પ્રાપ્ત થશે અને વીજળીકરણથી આ ટાપુના આર્થિક, સામાજિક તેમજ સાંસ્કૃતિક વિકાસને ગતિ પ્રાપ્ત થશે.

આ છે ગતિશીલ ગુજરાત

Tiger